# BUSINESS મિત્ર

### આઇટી-ઓટોમાં ભારે વેચવાલીથી સેન્સેક્સ 372 પોઇન્ટ તૂટ્યો, રોકાણકારોના 72,000 કરોડ સ્વાહા

# સેન્સેક્સે ઉછાળો ગુમાવ્યો, છેલ્લે લાલ નિશાનમાં બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 29:** અમેરિકા-ઈરાન ડીલ પછી પણ મિસાઈલ છોડવાનું ચાલુ રહેતા ભારતીય શેરબજારમાં ઉછાળા સાથે બંધ રહ્યા હતા. આજે આઈટી અને ઓટો શેરોમાં ઉપલા સ્તરેથી વેચવાલી રહી હતી. જેના લીધે સેન્સેક્સ અને નિફ્ટી લાલ રંગમાં બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ ઈન્ટ્રાડે હાઈથી 600 પોઈન્ટથી વધુ તુટી ગયો હતો. જ્યારે નિફ્ટી 24200 પોઈન્ટની સપાટ પાર કરીને 24000 પોઈન્ટની નીચે બધ રહી હતી. બ્રોડર માર્કેટમાં પણ નરમાઇ જોવા મળી હતી.

સેકટર વાઈઝ જોઈએ તો ફાર્મા શેરોએ બજારને ટેકો આપવા માટે સખત પ્રયાસ કર્યો હતો, પરંતુ નફાવસુલી રહેતા છેલ્લે એક ટકાનો સુધારો નોંધાયો હતો. જ્યારે ઓટો અને આઈટી શેરોએ ઝટકો માર્યો હતો, જે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેકસ પણ એખ ટકાથી વધુ નબળો પડ્યો હતો.

ભારતીય શેરબજારમાં ઉપલા સ્તરેથી વેચવાલી હાવી રહેતા માર્કેટ કેપમાં રૂ. 72000 કરોડનો ઘટાડો થયો હતો. જેના લીધે માર્કેટ કેપ રૂ. 473.89 કરોડ પર પહોંચી ગયું છે.

બીએસઈ સેન્સેક્સ 372.10 પોઈન્ટ એટલે કે 0.48 ટકા વધીને 76728.37 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 77252 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76621 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 109.75 પોઈન્ટ એટલે કે 0.46 ટકા ઘટીને 24000 પોઈન્ટની સપાટી તોડીને 23946.25 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24120 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નાચમાં 23924 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 449.70 પોઈન્ટ એટલેકે 0.77 ટકા ઘટીને 57727.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે વેલસ્પન કોર્પમાં 25.29 ગણા, એલઆઈસી હાઉસીંગમાં 9.06 ગણા, એલાઈડ બ્લેન્ડર્સમાં 6.64 ગણા, કોન્કોર્ડ બાયોટકેમાં 6.2 ગણા અને ઈન્ડસ ટાવરમાં 5.57 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઝાયડસ વેલનેસમાં 20.19 ગણા, ગો ડિજિટ જનરલ ઈન્સ્યોરેન્સમાં 10.34 ગણા, હેક્સાવેર ટેકનમાં 9.14 ગણા, પરસીસ્ટન્ટ સીસ્ટમમાં 8.03 ગણા અને એસ્ટ્રલ લિ.માં 6.14 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.22 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.57 ટકા ઘટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઈ ખાતે 1721 શેરો વધ્યા હતા, જ્યારે 2617 શેરો ઘટ્યા હતા, જ્યારે 235 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ માર્કેટમાં ઓગસ્ટ 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 99 સેન્ટ એટલે કે 1.36 ટકા વધીને 7359 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો.

નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 2.08 ટકા ઘટ્યો હતો. જેમાં યુનો મિન્ડા, ટીવીએસ મોટર, મહિન્દ્રા-મહિન્દ્રા, મારૂતિ સુઝુકી, આઈશર મોટર, ટાટા મોટર્સ પેસન્જર વ્હીકલ્સ, બજાજ ઓટો, અશોક લેલેન્ડ, હીરો મટોકર્પ અને ટ્યુબ ઈન્વેસ્ટમેન્ટ ઘટ્યા હતા. જ્યારે ભારત ફોર્જ, સોના બીએમડબલ્યુ અને સંવર્ધન મધરસન વધ્યા હતા.

યુએસ અને ઈરાન તાજેતરની દુશ્મનાવાટ બંધ કરવા અને રાજદ્વારી વાટાઘાટો ફરી શરૂ કરવા સંમત થયા હોવાના અહવાલો હોવા છતાં રોકાણકારો સાવેચત હોવાથી યુરોપિયન બજારોમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે એશિયન બજારો મિશ્ર બંધ થયા હતા. યુદ્ધ વિરામની ટકાઉપણુ અને આગામી વાટાઘાટોના પરિણામ અંગે વિલંબિત અનિશ્ચિતતા વચ્ચે સેન્ટિમેન્ટ નબળું રહ્યું છે. મીડલ ઈસ્ટના વિકાસ અને વૈશ્વિક ઓઈલ પુરવઠા પર તેમની સંભવિત અસર ધ્યાન કેન્દ્રિત કરે છે. યુએસએ સપ્તાહના અંતમાં ઈરાની સૈન્ય લક્ષ્યો પર હુમલો કર્યો હતો. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ત્યારબાદ ઈરાનનો નાશ કરવાની ધમકી આપી હતી.

યુરોપિયન બજારોમાં એપટીએસઈ 0.10 ટકા અને કેક 0.17 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.13 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.03 ટકા, સ્ટ્રેઈઠસ 0.33 ટકા, હેંગસેંગ 1.38 ટકા, તાઈવાન 0.95 ટકા અને શાંઘાઈ 1.14 ટકા વધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે કોસ્પી 0.20 ટકા અને જકાર્તા 1.29 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો નરમ પડ્યો

કરન્સી બજારમાં આઝે ડોલરની સામે રૂપિયો 13 પૈસા નજીવો ઘટ્યો હતો. જ્યારે ડોલરની સામે રૂપિયો 94.54ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.41ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.43, પાઉન્ડ 124.39, કેનેડિયન ડોલર 66.57, ઓસ્ટ્રેલિયન ડોલર 65.23, જાપાનીઝ યેન 0.5842 અને સીંગાપોર ડોલર 73.28ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 94.54 રૂ. |
| યુરો | 107.43 રૂ. |
| પાઉન્ડ | 124.39 રૂ. |
| યેન | 0.5842 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -372.10 | 76728.37 |
| નિફ્ટી | -109.75 | 23946.25 |
| બેન્ક નિફ્ટી | -449.70 | 57727.35 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 2.36 | 1149.90 |
| કોલ ઇન્ડિયા | 2.17 | 444.85 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.87 | 1375.70 |
| ઇટર્નલ | 1.67 | 259.40 |
| ટ્રેન્ટ | 1.31 | 3258.30 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક બેન્ક | 3.30 | 395.50 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.80 | 3093.00 |
| અદાણી એન્ટરપ્રાઇઝ | 2.49 | 2962.50 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.47 | 5315.20 |
| મારૂતિ સુઝુકી | 2.42 | 13412.00 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 1.39 | 258.80 |
| ટ્રેન્ટ | 1.34 | 3260.40 |
| બીઇએલ | 1.34 | 412.25 |
| એનટીપીસી | 1.09 | 356.00 |
| પાવરગ્રીડ | 0.88 | 286.45 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક બેન્ક | 3.24 | 395.75 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.79 | 3092.90 |
| ઇન્ટરગ્લોબ | 2.05 | 5337.90 |
| મારૂતિ સુઝુકી | 2.12 | 13450.00 |
| એક્સીસ બેન્ક | 1.37 | 1357.70 |

# ભારતીય શેરબજાર ફરી વિશ્વમાં પાંચમા ક્રમે

**તાઇવાન-દક્ષિણ** કોરિયામાં કડાકાથી ભારતને લોટરી લાગી!

**પોતાની** તેજીથી નહીં, પણ પાડોશી દેશોની નરમાઈથી ભારતે ગ્લોબલ માર્કેટમાં ખોવાયેલું સ્થાન પાછું મેળવ્યું

મુંબઇ, તા. 29: ભારતીય શેરબજાર ફરીએકવાર વિશ્વનું પાચમું સૌથી મોટું બજાર બની ગયું છે. જોકે, આ સ્થાન મેળવવા માટે ભારતીય શેરબજારની તેજી કારણ નથી, પણ તાઈવાન અને દક્ષિણ કોરિયાના બજારોમાં ઘટાડાથી ફાયદો થયો છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય શેરબજારે જુનમાં વધુ સારૂં પ્રદર્શન કર્યુ હતું. જોકે, તે હજુય પણ 2026માં ઘણા મોટા બજારો કરતા પાછળ છે.

ભારતે ફરી એકવાર ગ્લોબલ માર્કેટ કેપિટલાઈઝેશન રેન્કિંગમાં પોતાની ખોવાયેલી સરસાઈ પાછી મેળવી લીધી છે. સાતમા ક્રમે સરકી ગયા બાદ ભારત હવે ફરીથી વિશ્વનું પાંચમું સૌથી મોટું શેરબજાર બની ગયું છે. આનું મુખ્ય કારણ તાઈવાન અને દક્ષિણ કોરિયાના શેરબજારોમાં ઘટાડો છે, જ્યાં એઆઇ અને સેમિકન્ડક્ટર સેક્ટરમાં લાંબા સમયથી રેકોર્ડ તેજી બાદ રોકાણકારોએ મોટો નફો કર્યો હતો. જેના કારણે બંને દેશોની માર્કેટ કેપ ઘટીને 5 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે. તે જ સમયે, તાઈવાનની માર્કેટ કેપ ઘટીને 4.97 ટ્રિલિયન ડોલર અને દક્ષિણ કોરિયાની માર્કેટ કેપ ઘટીને 4.66 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે. આ સાથે બંને દેશોની માર્કેટ કેપ ઘટીને 5 ટ્રિલિયન ડોલરથી ઓછી થઈ ગઈ છે. ગ્લોબલ માર્કેટ કેપ રેન્કિંગમાં અમેરિકા પ્રથમ સ્થાને યથાવત છે. તે પછી ચીન, જાપાન, હોંગકોંગ અને ભારત છે. જૂન મહિનામાં અત્યાર સુધીમાં ગ્લોબલ માર્કેટ કેપ રેન્કિંગનું પ્રદર્શન પ્રમાણમાં નબળું રહ્યું છે, જ્યારે ભારતીય શેરબજારે થોડો સારો દેખાવ કર્યો છે. આ સમયગાળા દરમિયાન, રોકાણકારોએ ઝડપથી વિકસતી ટેક્નોલોજી અને સેમિકન્ડક્ટર શેરોમાં નફો લેવાનું ચાલુ રાખ્યું હતું. તે જ સમયે, હોર્મુઝની સ્ટ્રેટમાંથી વધુ ઓઈલ ટેન્કરોની અવરજવર ફરી શરૂ થવાને કારણે ક્રુડ ઓઈલના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.

જૂન મહિના દરમિયાન ભારતીય શેરબજારનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 2.75 ટકા વધ્યું હતું. તે જ સમયે, ઘણા મોટા એશિયન બજારોમાં ઘટાડો જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયાની માર્કેટ કેપમાં 4.7 ટકા અને તાઈવાનમાં 2.3 ટકાનો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન વિશ્વના સૌથી મોટા શેરબજાર અમેરિકા અને બીજા ક્રમના સૌથી મોટા બજાર ચીનના માર્કેટ કેપમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી. બીજી તરફ, જાપાનની માર્કેટ કેપમાં 1.06 ટકા, હોંગકોંગમાં 8.3 ટકા, કેનેડામાં 3.1 ટકા, બ્રિટનમાં 1.9 ટકા, ફ્રાન્સમાં 1.1 ટકા અને જર્મનીમાં 5.6 ટકાનો ઘટાડો થયો છે.

જૂનમાં ભારતીય શેરબજારે અત્યાર સુધીમાં વધુ સારૂં પ્રદર્શન કર્યું છે. ડોલરની દ્રષ્ટિએ સેન્સેક્સ 3.8 ટકા અને નિફ્ટી 2.8 ટકા વધ્યા હતા. બજારના નિષ્ણાતોનું કહેવું છે કે ભારતીય બજારમાં તાજેતરના ઉછાળાનું સૌથી મોટું કારણ ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો અને શેરોનું આકર્ષક મૂલ્યાંકન છે. આ ઉપરાંત એફઆઈઆઈએ ભારતીય શેરબજારમાં લગભગ 1 અબજ ડોલરનું રોકાણ કર્યું છે. માર્કેટ એક્સપર્ટ્સનું માનવું છે કે આરબીઆઈ દ્વારા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં વિદેશી રોકાણ વધારવા માટે તાજેતરમાં લેવામાં આવેલા પગલાથી પણ રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે.

જૂનમાં ભારતીય બજારનું પ્રદર્શન મજબૂત રહ્યું છે, પરંતુ સમગ્ર 2026 માટે, ભારત હજી પણ ઘણા મોટા બજારો પાછળ છે. ડોલરની દ્રષ્ટિએ આ વર્ષે અત્યાર સુધીમાં ભારતની માર્કેટ કેપમાં 4.8 ટકાનો ઘટાડો થયો છે. તેની સરખામણીમાં દક્ષિણ કોરિયાની માર્કેટ કેપમાં 74 ટકા, તાઈવાનમાં 52 ટકા, ચીનમાં 13.5 ટકા અને જાપાનમાં 11.7 ટકાનો વધારો થયો છે. તે જ સમયે, યુએસની માર્કેટ કેપમાં 10% અને કેનેડાની માર્કેટ કેપમાં 4.3% નો વધારો થયો છે. બીજી તરફ, હોંગકોંગની માર્કેટ કેપમાં 9 ટકા, ફ્રાન્સમાં 4.1 ટકા અને જર્મનીમાં 5.5 ટકાનો ઘટાડો થયો છે.

# સતત ચોથા મહિને સોનાના ભાવમાં ઘટાડો જોવાયો

**સલામત** રોકાણ તરીકે સોનાની છબી નબળી પડી

મુંબઈ, તા. 29: સલામત રોકાણ તરીકે સોનુ માનવામાં આવે છે. કારણ કે તેનું મુલ્ય સામાન્ય રીતે આર્થિક કટકોટી અથવા ભૌગોલિક રાજકીય તણાવના સમયે વધે છે, પરંતુ આ વખતે તસવીર અલગ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધવા છતાં સોના પર સતત દબાણ ચાલુ છે. જે સતત ચોથા મહિને સોનુ ઘટવા તરફ આગળ વધી રહ્યું છે. નિષ્ણાતો કહે છે કે આ વખતે રોકાણકારોનું ધ્યાન માત્ર યુદ્ધ પર જ નથી, પરંતુ મોંઘવારી, વ્યાજદર અને અમેરિકન ડોલર પર વધુ છે.

સોના પર સૌથી મોટું દબાણ ક્રુડ ઓઈલના વધતા ભાવ છે. ઈરાને તાજેતરમાં કુવૈત અને બહેરીનમાં અમેરિકી સૈન્ય મથકો પર મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કર્યો હતો. આ પછી ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો. આનાથી ડર ઉભો થયો છે કે જો મીડલ ઈસ્ટમાં તણાવ લાંબુ ચાલી શકે તો ક્રુડ ઓઈલના ભાવ વધી શકે છે.

તેલની ઊંચી કિંમતને કારણે મોંઘવારી વધવાનું જોખમ પણ વધે છે. આવી સ્થિતિમાં, યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ લાંબા સમય સુધી વ્યાજ દરને ઊંચા સ્તરે રાખી શકે છે.

સોનું કોઈ વ્યાજ કે ડિવિડન્ડ ચૂકવતું નથી. તેથી જ્યારે વ્યાજના દરમાં વધારો થાય છે, ત્યારે રોકાણકારો બોન્ડ જેવા વિકલ્પો તરફ વળે છે.

યુએસ ડોલર પણ ઊંચા વ્યાજ દર સાથે મજબૂત થાય છે. આ રોકાણકારો માટે સોનું ઓછું આકર્ષક બનાવે છે અને તેના ભાવ પર દબાણ વધારે છે. બજાર હવે અપેક્ષા રાખે છે કે યુએસમાં વ્યાજ દર લાંબા સમય સુધી ઊંચા રહેશે.

### ભૂરાજકીય તણાવ છતાં બુલિયન માર્કેટે 'સેફ હેવન'ની ચમક ગુમાવી

# સોના-ચાંદીમાં મોટો કડાકો

**એમસીએક્સ** (MCX) પર કિંમતી ધાતુઓ ગબડી; ક્રુડની તેજી અને મોંઘવારીનો બેવડો માર

મુંબઈ, તા. 29 : સોમવારે ભારતના બુલિયન બજારમાં ઘટાડો આગળ વધ્યો હતો અને 29 જૂનના રોજ એમસીએક્સ ઓગસ્ટ વાયદામાં ભાવ 1.01% ઘટીને રૂ. 1,42,710 પ્રતિ 10 ગ્રામ પર પહોચ્યો છે. બીજી તરફ, એમસીએક્સ ચાંદીના વાયદા લગભગ 1.27% ઘટીને રૂ. 2,18,529 પ્રતિ કિલો પર ટ્રેડ થઈ રહ્યા હતા.

સપ્તાહના અંતે ઈરાને કુવૈત અને બહેરીનમાં અમેરિકી લશ્કરી મથકો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરતા ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે. મધ્ય પૂર્વમાં સપ્લાય ચેઈન ખોરવાવાના ડરે ઉર્જાના ભાવ વધ્યા છે, જેનાથી વૈશ્વિક સ્તરે મોંઘવારી (ફુગાવો) વધવાની આશંકા પ્રબળ બની છે.

સામાન્ય રીતે યુદ્ધ કે કટોકટીમાં સોનું સૌથી સુરક્ષિત રોકાણ ગણાય છે, પરંતુ આ વખતે રોકાણકારો ભૂરાજકીય ચિંતાઓ કરતાં યુએસ

# મે મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં 5.1 ટકાની વૃદ્ધિ

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર** અને પાવર સેક્ટરમાં ચમક

નવી દિલ્હી, તા. 29: મેન્યુફેક્ચરિંગ સેક્ટરના સારા પ્રદર્શનને કારણે મે મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદન એટલે કે આઈઆઈપી વધીને 5.1 ટકા થયું હતું, જે અગાઉના મહિનાના 4.9 ટકાની વૃદ્ધિ કરતા વધુ છે. જે નવી શ્રેણી પર આધારિત આઈઆઈપી માટે ડેટા જાહેર થવાનો આ બીજો મહિનો છે.

નેશનલ સ્ટેટીસ્ટિકલ ઓફિસે આજરોજ જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મે મહિનામાં ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનમાં વાર્ષિક ધોરણે 5.1 ટકાનો વધારો થયો છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 5.5 ટકા અને વીજળી અને ગેસ સપ્લાય સેક્ટરમાં 9.9 ટકાની મજબૂત વૃદ્ધિ સાથે ઔદ્યોગિક ઉત્પાદનને વેગ મળ્યો હતો.

મે મહિનામાં ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ સેક્ટરના ઉત્પાદનમાં 20.8 ટકાનો વધારો થયો છે. તે જ સમયે, ફેબ્રિકેટેડ મેટલ ઉત્પાદનોમાં 15.5 ટકા, મોટર વાહનોમાં 14.5 ટકા, અન્ય પરિવહન સાધનોમાં 14.3 ટકા અને કમ્પ્યુટર અને ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોમાં 11.4 ટકા વૃદ્ધિ થઈ હતી.

બીજી બાજુ, ખાણકામ અને ખાણકામ ક્ષેત્રોએ નબળું પ્રદર્શન કર્યું. મે મહિનામાં તેનું ઉત્પાદન 1.6 ટકા ઘટ્યું હતું. જોકે, એપ્રિલમાં તેમાં 3.7 ટકાનો ઘટાડો થયો હતો. ક્રુડ ઓઈલ, કુદરતી ગેસ અને અધાતુ ખનીજોના નબળા ઉત્પાદનની આ ક્ષેત્ર પર અસર પડી હતી.

આ તમામ ક્ષેત્રોએ સારૂં પ્રદર્શન કર્યું નથી. ગારમેન્ટના ઉત્પાદનમાં 8.8 ટકાનો ઘટાડો નોંધાયો છે. પ્રિન્ટિંગ સેક્ટરમાં 10.3 ટકાનો ઘટાડો થયો છે. રિફાઈન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોના ઉત્પાદનમાં 4.7 ટકા અને રસાયણોના ઉત્પાદનમાં 1.3 ટકાનો ઘટાડો થયો છે.

### બજાજ ઓટો 1લી જુલાઈથી બાયબેક શરૂ થશે

મુંબઈ, તા. 29: ટુ વ્હીલર અને થ્રી વ્હીલર ઉત્પાદક બજાજ ઓટો લિમિટેડ શેર બાયબેક કરી રહી છે. આ ઓફર 1લી જુલાઈ, 2026થી ખુલશે અને 7 જુલાઈના રોજ બંધ થશે. બાયબેકનું કદ રૂ. 5632.80 કરોડ છે. કંપનીએ એન્ટાઈલમેન્ટ રેશિયોની જાહેરાત કરી છે. બાયબેકમાં કંપની તેના શેરધારકો પાસેથી રૂ .10 પ્રતિ શેર ફેસવેલ્યુ સાથે 46.94 લાખ ઈક્વિટી શેર પાછા ખરીદવા જઈ રહી છે. શેરની આ સંક્યા કંપનીના કુલ ઈક્વિટી શેરના 1.68 ટકા છે. બજારો ઓટોએ શેર બાયબેક ભાવ રૂ. 12000 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે. કંપની આ બાયબેક માટે 5,633 કરોડ ખર્ચ કરશે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૧૮૦ |
| તેજાબી સોનું | ૧૪૬૦૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૮૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૨૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૧૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૭૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૮૮૦૦ |

# ઈરાનના ચાબહાર પછી બાંગ્લા દેશનું મોંગલા બંદર ભારત પાસેથી ઝૂંટવાઈ ગયું



ભૂરાજકીય રીતે અમેરિકાની તરફદારી કરવાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને એક પછી એક ફટકાઓ પડી રહ્યા છે. ઇઝરાયેલ, અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં ભારતે ઈરાનથી વિરુદ્ધ વલણ અખત્યાર કર્યું તેને કારણે ઈરાનનું ચાબહાર બંદર ભારતના હાથમાંથી ઝૂંટવાઈ ગયું હતું, જેનો વિકાસ કરવા પાછળ ભારતે અબજો ડોલરનું આંધણ કર્યું હતું. હવે બાંગ્લા દેશ સાથે ભારતના કથળેલા સંબંધોને કારણે બાંગ્લા દેશનું મોંગલા બંદર ભારતના હાથમાંથી ઝૂંટવાઈને ચીનના ખોળામાં ચાલ્યું ગયું છે. ભારતે બાંગ્લા દેશનાં ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાને આશરો આપ્યો તેની આકરી કિંમત ભારત ચૂકવી રહ્યું છે. મોંગલા બાંગ્લા દેશનું બીજું સૌથી મોટું દરિયાઈ બંદર છે, જ્યાં ચીન આર્થિક ક્ષેત્ર બનાવવાની યોજના બનાવી રહ્યું છે. આ બંદર ચીનને બદલે ભારતને આપવાની યોજના હતી. જો કે, ૨૦૨૫ માં મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારે તેને ભારતની યાદીમાંથી દૂર કરી દીધું હતું. એવું માનવામાં આવે છે કે આ બંદરને પ્રાપ્ત કરવાથી બંગાળની ખાડી અને હિંદ મહાસાગરના પ્રદેશોમાં ચીનની હાજરી વધુ મજબૂત થઈ શકે છે. ચીને પાકિસ્તાનના ગ્વાદરથી લઈને આફ્રિકાના જીબુટી સુધીનાં અનેક બંદરોમાં રોકાણ કરી દીધું છે.

બાંગ્લા દેશના અખબાર ધ બિઝનેસ સ્ટાન્ડર્ડે અહેવાલ આપ્યો છે કે બાંગ્લાદેશે મોંગલામાં આર્થિક ક્ષેત્ર બનાવવા માટે ચીનની સરકારી કંપની સાથે કરાર કર્યો છે. બાંગ્લા દેશ ઇકોનોમિક ઝોન્સ ઓથોરિટી (BEZA) એ ૨૫ જૂનના રોજ બેઇજિંગમાં ચાઇના સિવિલ એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર હેઠળ મોંગલા પોર્ટ ઇકોનોમિક ઝોન બાગેરહાટ જિલ્લામાં મોંગલા પોર્ટ નજીક ૧૧૦ એકર જમીન પર બનાવવામાં આવશે. આ જમીન અગાઉ ભારતીય આર્થિક ક્ષેત્ર માટે નિયુક્ત કરવામાં આવી હતી, જે ૨૦૧૫ માં બંને દેશો વચ્ચે શરૂ કરાયેલી પહેલ હતી. મોંગલા બંદર કોલકાતાની નજીક છે, જેનાથી કાર્ગો પરિવહનનો સમય ઓછો થશે અને વેપાર ઝડપી બને તેમ હતું. પાછળથી આ પ્રોજેક્ટ ભારતના હાથમાંથી સરકી ગયો હતો. BEZA એ દાવો કર્યો હતો કે ભારત દ્વારા પસંદ કરાયેલ ડેવલપર નિર્ધારિત સમયમાં કામ શરૂ કરવામાં નિષ્ફળ ગયો હતો, જેના કારણે ઓક્ટોબર ૨૦૨૫ માં વચગાળાની સરકારે પ્રોજેક્ટને યાદીમાંથી દૂર કર્યો હતો. ઢાકા સ્થિત ચીની દૂતાવાસે અગાઉ જૂન ૨૦૨૫ માં આ જ સ્થળે ચીની આર્થિક ક્ષેત્ર સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ત્યાર બાદ, મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારે ભારતીય પ્રોજેક્ટને ઔપચારિક રીતે યાદીમાંથી દૂર કર્યો હતો.

ચીની રોકાણકારો મોંગલા ઇકોનોમિક ઝોનમાં મોટા ઉદ્યોગો સ્થાપવામાં રસ દાખવી રહ્યા છે. ચીની રોકાણકારો ટેલિકોમ અને ઇલેક્ટ્રોનિક્સ જેવાં ક્ષેત્રોમાં ફેક્ટરીઓ સ્થાપવા માંગે છે અને વેરહાઉસ બનાવવામાં પણ રસ ધરાવે છે. બાંગ્લા દેશમાં ભારતનાં ભૂતપૂર્વ હાઈ કમિશનર વીણા સિકરીએ જણાવ્યું હતું કે જો ચીન અને બાંગ્લા દેશ વચ્ચેના તાજેતરના સંયુક્ત નિવેદનની સરખામણી જૂન ૨૦૨૪ માં પ્રધાનમંત્રી શેખ હસીનાની ભારત મુલાકાત દરમિયાન જારી કરાયેલા સંયુક્ત નિવેદન સાથે કરવામાં આવે તો તફાવત સ્પષ્ટપણે દેખાય છે. ૨૦૨૪ ના નિવેદનમાં ભારતને મોંગલા બંદર અને તિસ્તા જળ વ્યવસ્થાપન પ્રોજેક્ટના આધુનિકીકરણની જવાબદારી સોંપવામાં આવી હતી, પરંતુ હવે મોંગલા પ્રોજેક્ટ ચીનને સોંપવો એ એક મોટો ફેરફાર છે.

મોંગલા પોર્ટ ટર્મિનલનું સંચાલન કરવાથી ભારતની વેપાર જોડાણ અને પ્રાદેશિક પ્રભાવ નોંધપાત્ર રીતે મજબૂત થઈ શકે તેમ છે. ૨૦૧૮ માં બાંગ્લા દેશે ભારતને પરિવહન અને કાર્ગો શિપિંગ માટે ચિત્તાગોંગ અને મોંગલા બંને બંદરો સુધી સંપૂર્ણ પ્રવેશ આપ્યો હતો. આ પગલાંથી દ્વિપક્ષીય વેપારને મોટો વેગ મળ્યો હતો. ચીની કંપનીઓ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ૧૭ બંદરોમાં સામેલ છે. તેમણે આમાંથી ૧૩ બંદરોના નિર્માણમાં ભૂમિકા ભજવી છે

યુદ્ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

અને આઠ બંદરોમાં તેમનો હિસ્સો છે. આ ક્ષેત્રમાં તેની હાજરી જાળવી રાખવી ચીન માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તેની લગભગ ૮૦ ટકા ઊર્જા આયાત હિંદ મહાસાગરમાંથી પસાર થાય છે. બાંગ્લા દેશ ૨૦૧૬ માં ચીનના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટમાં જોડાયું હતું. તેનો ઉદ્દેશ ચીનનાં નાણાંકીય સંસાધનોનો ઉપયોગ કરીને તેની માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવાનો હતો. ચીન બાંગ્લા દેશમાં એક મુખ્ય રોકાણકાર રહ્યું છે. તેના મુખ્ય પ્રોજેક્ટોમાં ચિત્તાગોંગમાં ૭૫૦ એકરના ઔદ્યોગિક પાર્કનો વિકાસ અને ચિત્તાગોંગ બંદર પર સિંગલ-પોઇન્ટ મૂરિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ચીન અને બાંગ્લા દેશ ચિત્તાગોંગમાં સંયુક્ત રીતે આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્ર વિકસાવવા સંમત થયા છે. ચીને તિસ્તા નદીના સંચાલનમાં પણ મદદ કરવાનું વચન આપ્યું છે. તિસ્તા નદીના સંચાલન અંગે પણ ભારતમાં ચિંતાઓ છે. આ નદી ભારતીય સરહદ અને ઉત્તરપૂર્વીય રાજ્યોની નજીક વહે છે. આ મુદ્દામાં ચીનની સંડોવણી ભારત માટે સુરક્ષા ચિંતા માનવામાં આવે છે. બાંગ્લા દેશનાં વડાં પ્રધાન કાર્યાલયના પ્રવક્તા મહદી અમીને જણાવ્યું હતું કે બંને નેતાઓ વચ્ચેની બેઠકમાં તિસ્તા નદીનું સંચાલન એક મુખ્ય મુદ્દો હતો. ચીને આ પ્રોજેક્ટ માટે ટેકનિકલ સહાય પૂરી પાડવા અને શક્યતા અભ્યાસ હાથ ધરવામાં રસ દર્શાવ્યો છે.

વીણા સિકરી કહે છે કે ૨૦૨૪ના સંયુક્ત નિવેદનમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું કે બાંગ્લા દેશ બાજુ તિસ્તા જળ વ્યવસ્થાપન પ્રોજેક્ટ ભારતના સહયોગથી પૂર્ણ થશે. આવી સ્થિતિમાં આ ક્ષેત્રમાં ચીનનો સમાવેશ ભારતના સુરક્ષા દૃષ્ટિકોણથી જોખમ માનવામાં આવે છે. ભારતે બાંગ્લા દેશ સરકારને આ વાત પહેલાથી જ સમજાવી દીધી છે. તેમનું કહેવું છે કે વડા પ્રધાન તારિક રહેમાન મુહમ્મદ યુનુસ સરકાર દ્વારા કરવામાં આવેલા ફેરફારોને આગળ ધપાવી રહ્યા છે, પરંતુ આ પગલું ભારત-બાંગ્લા દેશ વચ્ચેની મિત્રતાને મજબૂત બનાવવાનાં તેમના વચનને પૂર્ણ કરતું નથી. તિસ્તાના સંચાલન અંગે ચીન-બાંગ્લા દેશ કરાર ભારત માટે આશ્ચર્યજનક છે. ભારત સરકાર આ સમગ્ર ઘટના પર નજીકથી નજર રાખી રહ્યું છે, કારણ કે તે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સિલિગુડી કોરિડોર (ચિકન નેક) ની નજીક છે. તે ભારતનાં પૂર્વોત્તર રાજ્યોને બાકીના ભારત સાથે જોડે છે. અહીં ચીનની એન્જિનિયરિંગ પ્રવૃત્તિઓ ભારતના સુરક્ષા દૃષ્ટિકોણથી જોખમી છે.

બાંગ્લા દેશ સેના દ્વારા તાજેતરમાં ખરીદાયેલાં તમામ શસ્ત્રોમાંથી ૭૦ ટકા ચીન પાસેથી ખરીદવામાં આવ્યાં હતાં. આ નિર્ણય શેખ હસીનાને ઉથલાવી પાડ્યા પછી રચાયેલી મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારે લીધો હતો. આ સરકારે ચીન સાથે સંબંધો સુધારવા માટે અનેક કરાર કર્યા હતા, જેમાં શસ્ત્રોની ખરીદીનો પણ સમાવેશ થાય છે. બાંગ્લા દેશે તાજેતરમાં ચીન પાસેથી SY-૪૦૦ મિસાઇલ સિસ્ટમ ખરીદવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે એક ટૂંકા અંતરની ચોકસાઇવાળી બેલિસ્ટિક મિસાઇલ છે. બાંગ્લા દેશ સેનાને આધુનિક બનાવવાના નામે બાંગ્લા દેશની સરકાર ઝડપથી ચીન પાસેથી શસ્ત્રો ખરીદી રહી છે. થોડા મહિના પહેલાં બાંગ્લા દેશની સરકાર ચીન સાથેના J-૧૦C ફાઇટર જેટ સોદા માટે પણ સમાચારમાં હતી.

બાંગ્લા દેશનો ભારત સાથેનો પહેલો કરાર ૨૫ વર્ષનો મિત્રતા કરાર હતો. ત્યાર બાદ તરત જ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર પર હસ્તાક્ષર થયા હતા. યુદ્ધગ્રસ્ત બાંગ્લાદેશ માટે આ વેપાર કરાર અત્યંત મહત્ત્વપૂર્ણ હતો. ૧૯૭૫ સુધી બંને દેશો વચ્ચે સહયોગ ઝડપથી આગળ વધ્યો હોવાનું કહી શકાય. ૧૯૭૫માં આવામી લીગ સરકારને સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા પછી ફરાક્કા બેરેજ સહિત અનેક મુદ્દાઓ પર ભારત સાથેના સંબંધો બગડ્યા હતા. હુસૈન મુહમ્મદ ઇર્શાદના શાસનકાળ દરમિયાન દ્વિપક્ષીય સંબંધોમાં પ્રમાણમાં ઓછી વધઘટ જોવા મળી હતી.

૨૦૦૯ માં આવામી લીગ સત્તામાં આવ્યા પછી દ્વિપક્ષીય સંબંધો ફરીથી તંદુરસ્ત થયા હતા. તે સમયગાળા દરમિયાન બંને દેશો વચ્ચેના સહયોગમાં ઘણાં ક્ષેત્રોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો. સત્તા એકીકૃત કરવાના પ્રયાસોમાં અવામી લીગ સરકારે રાજકીય સમર્થન પણ મેળવ્યું હતું. અવામી લીગ સરકારના ગયા પછી ભારત સાથેના સંબંધોમાં સ્પષ્ટ વિશ્વાસનો અભાવ સ્પષ્ટ હતો. હવે મોદી સરકાર બાંગ્લા દેશ સાથેના સંબંધો સુધારવામાં નિષ્ફળ પુરવાર થઈ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**બાંગ્લા દેશે તાજેતરમાં ચીન પાસેથી SY-૪૦૦ મિસાઇલ સિસ્ટમ ખરીદવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે એક ટૂંકા અંતરની ચોકસાઇવાળી બેલિસ્ટિક મિસાઇલ છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile:- 9825859049, 7859985601

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700.

મિલ્કત વેચવાની છે

**પ્લોટ વેચવાનો છે**
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

**બંગલો વેચવાનો છે**
ગ્રાઉન્ડ+1લો માળ અડાજણ આયકર ભવન પાસે. સંપર્ક : અરવિંદભાઈ લાપસીવાલા 9558750051

**અડાજણમાં 4 BHK**
ફ્લેટ હવા ઉજાસવાળો વાજબી ભાવે તાત્કાલિક વેચવાનો છે. 9374535403 (192)

નોકરી વિષયક

**ટેલી કોલિંગ કરી**
શકે તેવી છોકરીઓ જોઈએ છે. Mo. No. 9974252925

**બેંકિંગક્ષેત્રમાં**
ટીમ લીડર માટે હિન્દી અને ગુજરાતી 5, Male તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 20000 થી 30000 સુધી. 08976373893/ 08866709945 (પાર્ટટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

**Civil Construction**
Company માટે અનુભવી Supervisor, Engg, Safety- Supervisor જોઈએ છે. Mob- 98241-33338 Email- bein301@gmail.com

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.